સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

સલામી સવારની..

નિવેદનીયા નેતાઓની વાણીના બ્લાસ્ટ થાય છે,
ગદ્દારોની ગોદે સૂતેલી શાંતિમાં બ્લાસ્ટ થાય છે,
બ્લાસ્ટ થાય છે રાષ્ટ્રીય ઐક્યમાં સ્વાર્થ ખાતર -
કટ્ટર દૃષ્ટિકોણે વિશ્વશાંતિમાં બ્લાસ્ટ થાય છે..

હાઈકુ

ફૂલ થવાને
ઝંખે છે પાંખડીઓ -
દાંડી વિનાજ..
(પ્રચાર ટીમ જાહેર)

હે! જગન્નાથ,
નિર્વિઘ્ને થાય પૂર્ણ-
યાત્રા તમારી!
(એ જ પ્રાર્થના)

ચિંતન

ધર્માર્થકામ મોક્ષાણાં યસ્યૈકો અપિ ન વિદ્યતે ।
અજાગલ સ્તન સ્યેવ તસ્ય જન્મ નિરર્થકમ્ ॥

'ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી એક પુરૂષાર્થ ભર્યું ધ્યેય જેના જીવનમાં ન હોય, તેનું જીવન બકરાના ગળે લટકતું આંચળ જેવું, નકામું નિરર્થક જ છે.'

કેટલીક જિંદગીઓ, સૂકાન વિનાની નાવ જેવી હોય છે સંસાર-સાગરમાં તરતી તો રહે છે પણ અને કોઇ નિશ્ચિત દિશા, સમયપત્રક, ધ્યેય, હેતુ, લક્ષ્ય હોતાં નથી - જેવો પવન હોય, તરંગોનું વહેણ હોય તે તરફ તણાયા કરે છે.

કોઇ કહે સંગીતના ક્લાક કરો, તો ત્યાં જાય, કોઇ કહે જીમ કરો તો ત્યાં - કોઇ કહે યોગ કરો તો યોગ - કોઇ સામાજિક સેવામાં દોરી જાય - જીવનમાં પોતાને ક્યાં ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવી છે એ નિશ્ચિત કરી એ જ ક્ષેત્રમાં 'તલસ્પર્શી' જ્ઞાન-કૌશલ્યો પ્રાપ્ત કરવાં જોઇએ.

ધર્મ-અર્થ-કામ અને મોક્ષના પણ ચાર ક્ષેત્ર છે તે પૈકી ધર્મનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરી આત્માનો ઉદ્ધાર કરવો છે કે આર્થિક ક્ષેત્ર જ્ઞાન પ્રાપ્ત કરી અર્થશાસ્ત્રી થઇ સમાજને ઉપયોગી થવું છે એ નક્કી કરવું જોઇએ.

આધ્યાત્મિક ક્ષેત્રે મોક્ષ પ્રાપ્ત કરવા 'કર્મ' માંથી પોતાની જાતને ખેંચી લઇ તાટસ્થ્ય-પૂર્ણ નિર્લેપ જીવન જીવવું જોઇએ. ધ્યેય નક્કી ન હોય તો ખાવું-પીવું સૂવું જેવી પશુવત્ જિંદગીનો અર્થ પણ શું છે?

સુવિચાર

- હું સફળ થવા નથી ઇચ્છતો, હું ચાહું છું કે મારી જિંદગી સફળ થાય- **બેન્જામીન ફ્રેંકલીન**
- જેને કોઇ શાસ્ત્રનું જ્ઞાન નથી તે એક પ્રકારનો આંધળો જ છે - **બાણ ભટ્ટ**
- જીંદગી ડુંગળી જેવી છે. જેમાં એક એક પડ ખુલતાં જવાનું અને પછી રડવાનું - **સિસ્ટર નિવેદિતા**
- કોઇ વિષયમાં ઊંડા ઉતરતા આપણને જણાય છે કે આપણે ખરેખર કશું જ જાણતા નથી - **લાઓત્સે**
- દુઃખ આવતા પહેલા દુઃખી થનાર વધારે દુઃખ ભોગવે છે - **વેદવ્યાસ**
- ધર્મની ગતિ સૂક્ષ્મ છે, તેના અનંતભેદ તથા અનંત શાખાઓ છે - **મનુ ભગવાન**
- દુઃખ, દુઃખી માનવીના હૃદયની આંખો ખોલે છે - **રાધાસ્વામી**

બોધ કથા

જિંદગી આફતો-મુશ્કેલી-હતાશા-નિરાશા-નિષ્ફળતાઓનું જ એક નામ છે જીવનમાં એ આવ્યા જ કરે છે સુખ-શાંતિ-ઉત્સવો પણ આવે છે એમ જ - પણ - નિષ્ફળતામાં નિરાશા થઇ પડી કે મરી ન જવાય - ઠોકર લાગ્યા પછી તમે કેટલા જલદી ઉભા થઇ જાવ છો એ જ મહત્ત્વનું છે એના પર જ જીવનની સફળતાનો સંપૂર્ણ આધાર છે..

ચહેરો પર ઢીમચાં, મોઢાંમાંથી-દાંતમાંથી લોહી નીકળતું હતું એવા એક બોક્સરનો હજી બીજો દાવ બાકી હતો - ત્યાં એક પત્રકાર એની પાસે આવ્યો અને પૂછયું - આવી માર ખાવાની, જીવલેણ રમત તમે શા માટે રમો છો?

બોક્સર કહે મને બોક્સીંગની રમત ખૂબ ગમે છે કારણ કે એ જિંદગીનો સાર પાઠ શિખવે છે - એનું જિંદગી જેવું જ છે. સમય-સંજોગોનાં મૂક્કાનો માર આપણા પર થયા જ કરે છે ક્યારેક ઘાવ લોહીલુહાણ કરી જાય, પણ થાક્યા-હાર્યા-વિના એ સંજોગ-પરિસ્થિતિને આપણે પણ સામા 'પંચ' મારવા જોઇએ - મૂક્કા ખાઇ ઘાવ પંપાળતાં બેસી ન રહેવાય - તમારે પણ બમણાં જોરથી સામનો કરી સામા પંચ મારવા જોઇએ!

આ રમતમાં તમે પડી જાવ, ધરાશાઇ થઇ જાય તો પણ રેફરી દસ બોલે તે પહેલાં ઝડપથી ઊભા થઇ જવું પડે! જિંદગીની નિષ્ફળતા-પતનમાંથી તમે કેટલા જલદી ઊભા થઇ શકો છો એમાં જ સફળતાનું મહત્ત્વ-રહસ્ય છૂવાયું છે.

Email - sureshchandrabhatt18@gmail.com

રોમ રોમમાં રોમેન્ટીઝમ..!! રેઇનની રમઝટમાં રીમઝીમ રીમઝીમ..!!

તને છોને વરસાદ હોય વ્હાલો, પણ કોણ તને લાગે છે વ્હાલું વરસાદમાં, તને આટલું ચોમાસું વ્હાલું જો હોય, તો આંખો ભીંજાય કોની યાદમાં

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

વરસાદ... ક્યારેક એક સરખો તો ક્યારેક રીમઝીમ, ક્યારેક સાંબેલાની ધારે, ક્યારેક ગાંડાની જેમ વરસે તો ક્યારેક રોમેન્ટીક પણ બને... ક્યારેક જોઇએ એવો તો ક્યારેક ના જોઇએ એવો, ક્યારેક આવે એ માટે આતુરતાથી રાહ જોવાની, એમની યાદોથી પાગલ થવાનું અને એ તો જીદ્દી બેવફા પ્રિયતમાની જેમ આવે જ નહીં... ક્યારેક નહીં જ આવે એવું લાગે અને એ અચાનક મહેમાનની જેમ ટપકી પડે, એકદમ નખરા કરતી પ્રેમીકાની જેમ જ આવું આવું કરે અને નીકળી જાય...

વરસાદ આમ તો મનમાં વરસ તો જ રહે છે, વરસાદનમાં ઝાપટા આવે અને જાય, આપણે માત્ર વરસાદમાં હાથ ધરીને ક્યારેક વર્તમાન તો ક્યારેક ભૂતકાળમાં વરસાદથી ભીંજાયેલા પક્ષી જેવાં ઝૂલતાં રહીએ અને યાદોનાં તાર પર લાઇનમાં બેઠેલાં વરસાદનાં ટીપા જેમ ચમચમ થાય અમૂક ક્ષણ માટે એમ મનમાં પણ કંઇ ચમકી જાય અને વરસાદની લીલી યાદોની રમઝટ બોલી જાય... રોમ રોમમાં રોમેન્ટીઝમ આવે કાગળ પર કવિતા મંડાય અને જે વરસાદમાં ભીંજાય નહીં એ ચ્હા અને ભજિયાં ખાય. એટલે બધું કંઇ વરસાદમાં થાય પણ વરસાદમાં થતો રોમાંસ, એ રોમેન્ટીક ક્ષણો અને વરસાદમાં મળેલો સાથ લાગે બહુ ખાસ, વરસાદ પડે એટલે ઝાડ, પાન, ટેકરીઓ, કોતરો, ફુલ, પક્ષી આ પ્રેમીઓને બૂમો પાડે અને તેઓ નીકળી પડે... એવી જ એક વરસાદથી જેમ જ! હું પણ એની રાહ જોતો... વરસાદ જેટલી જ!! વાદળાં એકદમ ઘેરાઇને આવ્યા હતા. એ વરસાદ પહેલાં આવે છે કે વરસાદને લઇને જ આવે છે, એટલો જ એક પ્રશ્ન હતો... સૂર્ય ક્યારનોય 'પેકઅપ' કરીને નીકળી ગયેલો. વાતાવરણમાં એક સુખદ ઠંડક ભરાઇ ગઇ... જોરથી પવન વછૂટ્યો... ગોરંભાયેલા વાદળા ગમે ત્યારે વરસી પડે એવી સ્થિતિ. આવે વખતે વરસાદમાં જઇ મન મુકીને પલળવાની ઇચ્છા થતી નથી, પણ એટલામાં 'અરે, બારીઓ બંધ કરો, અમારાં કાગળીયો ઉડે છે...' નું વાક્ય કાન પર જોરથી પછડાયું...

જે દિશામાંથી વાક્ય આવ્યું એ બાજુમે દયામણી નજરે જોયું, પણ અહીંના બધાં લોકો ઘડિયાળ સાથે બંધાયેલા અને કાંટાઓ વચ્ચે ફસાયેલાં હતાં. એમણે શા માટે દોષ દેવાનો? કુદરત સામે જોવાનો સમય જ ક્યા છે કોઇની પાસે? હું પણ એમાં અપવાદ ક્યાં હતો? પણ 'પેલી' આવે એટલે બધું જ બદલાઇ જતું. હું પણ મારો નહોતો રહેતો. એટલે જ તો અત્યારે ફક્ત વરસાદ નહોતો, સાથે 'એ' પણ જોઇતી હતી...

ઊંચે ટેકરી ઉપર જઇને, કુદરતને ખોળે ખોવાઇને કે લાગણીની લહેરો વાળા સમુદ્ર તટ પર પોતાની જાતને સમર્પિત કરીએ ત્યારે જેવી હળવાશ લાગે છે, આડે દિવસે આપણે જીવીએ છીએ ગૂંગળાઇને, પણ કાયમ લેતાં શ્વાસમાં એક દીર્ઘ શ્વાસ હૃદયમાં ભરી લઇએ એવું જ એનું આવવું અને વરસાદનેય સાથે લાવવું...!!

એ અને વરસાદ આવે એટલે એવું જ મને એકદમ સરસ લાગે. એ વધારે ગમે છે કે વરસાદ આનો જવાબ હું બંનેને અલગ અલગ આપતો આવ્યો છું. પણ બંને સાથે આવે તો હું વધારે ખુલી જઉં છું. આજે એટલે જ આટલો વરસાદ ઘેરાઇને આવ્યો છે ત્યારે એ આવે એવું લાગ્યાં કરે છે, એકદમ દિલથી...

એ આવે એટલે કેવું બધું બદલાઇ જાય છે. રોજનો જ રસ્તો પણ એ આવે એટલે પહેલાં વરસાદમાં ધોવાઇને થયેલો ચોખ્ખો દેખાય છે. ખાલી પાંદડા ખરે તોય ફૂલો ખર્યાનો અહેસાસ થાય છે. આ બધી મજાની કલ્પનાઓની રમત; પણ આ બધું ખુબ ગમે છે, અત્યારેય કાળા વાદળા વરસુ વરસુ કરી રહ્યાં છે, હું માત્ર બારીમાંથી જોઇ રહ્યો હતો. ખાલી મનને મનાવવા કામ ચાલું હતું. ઓફીસમાં બેસીને ખાલી ખાલી કિ-બોર્ડ પર હાથ પછાડવાનું ચાલું હતું. પણ ધ્યાન બારીની બહાર જ હતું...

વરસાદ પહેલા સુસવાટા મારતાં પવનમાં એનો ફોન ''ચા પીવડાવે છે ને? આ એની કાયમની ટેવ. એને ના પાડવાનું મને ક્યારેય ફાવ્યું નહોતું, મેં કીધું બસ, આવ્યો જ. એનો ચહેરો ખીલી ઊઠ્યો હશે એવું મને ફોન મુકતાં જ લાગેલું... ઓફીસમાંથી બહાર નીકળતાં સુધીમાં તો વરસાદનું આગમન થઇ ગયું, એક ક્ષણમાં કુદરતનો નિખાર બદલાઇ ગયો... ઝાડ, ઘર, રસ્તા બધું નહાવા નીકળી પડ્યું.... ઘ-૪ના સર્કલ પાસેની લોનમાં મારી નજર એને શોધી રહી હતી. રસ્તાની બાજુમાં ઝાડ નીચે ગાડી પાર્ક કરી એ મુક્તપણે પલળી રહી હતી. વરસાદનો અને એનો ખરેખર જ કોઇ સંબંધ હશે!!''

હું પણ સંકોચ છોડી પહોંચ્યો. હસીને બોલી, ''પુરેપુરો પલળ્યોને હવે તું? એની આંખોમાં જોઇને હું પણ હસ્યો. ગાડી મને આપતાં બોલી, 'ચલ, ચા પીવડાવ હવે મસ્ત મસાલાવાળી. આખા દિવસનો થાક લાગ્યો છે.' ગાડી એટલે એની એક્ટિવા ચલાવતાં એણે ધીમેથી એનું માથું મારી પીઠ પર ટેકવી દીધું અને મારાં રામેરોમમાં રોમેન્ટીઝમ ઝણઝણી ઉઠી. અમારી વાતો ચાલુ જ હતી. ઇન્ફોસીટીના કાફેટારીયા પાસે મેં એક્ટિવા રોકી કીધું, ''ઉતર'', ચહેરા પર અણગમાની લકીર ખેંચતા બોલી અહીંયા ચા? મેં કીધું હા, કેમ? ''એકાદી કિટલીએ લઇ જા ને ત્યાં પીશું ચા...''

'અરે, હા. હું તો ભૂલી જ ગયો.' 'કિટલીની ચ્હાનો ટેસ્ટ એના માટે ફાઇવસ્ટાર હોટલ કરતાંય વધુ હતો. પછી અમે છાલક મારતાં વરસાદી ઝાપટામાં ફન વર્લ્ડનાં રસ્તે એકાદી કિટલી શોધવા નીકળી પડ્યા... થરથરતાં હાથે ચાની પ્યાલી પકડી અને લથબથ પલળેલી અવસ્થામાં વરાળ ફેંકતા ચા થી તાજામાજા થયા... વરસાદ રોકાવાનું નામ જ લેતો નહો તો, અને હવે એ રોકાય એવી મારી ઇચ્છા પણ નહોતી!!'

હું અને એ ભેગા થયાં એક વરસાદને કારણે જ. આવો જ એકદિવસ મુશળધાર વરસાદ પડતો હતો. એકાદો ખૂણો પકડી હું ઉદ્યોગ ભવનનાં બસ સ્ટેન્ડે કપડાં બચાવતો ઊભો હતો. ત્યાં એ પણ આવીને રોકાઇ. એક હાથની હથેળીમાં વરસાદને ઝીલતી ઊભી હતી. નાના છોકરા રમે ને એમ જ. કદાચ બીજા માણસો શું કહેશે? એવા વિચારે નહાવા નહોતી ગઇ. કોઇ આજુબાજુ ના હોત તો બિન્દાસ પલળવા ગઇ હોત. એની સામે જોઇ એમ જ લાગતું કે મમ્મીએ આંખે કાઢ્યા બાદ તોફાની છોકરા જેમ રોકાઇ રહે એમ જ હથેળીમાં વરસાદ રમાડતી ઊભી હતી. કેટલીય વાર સુધી હું એને જોઇ રહ્યો હતો... અચાનક મારી અને એની નજર એક થઇ ગઇ, કંઇ જ ના બોલતાં વરસાદમાં ધરી રાખેલો હાથ એણે પાછો ખેંચી લીધો, મને જરા દુઃખ થયું...

ઉદ્યોગભવનની આવનજાવનમાં મારી એની સાથે એક મુલાકાત થઇ અને ઓળખમાંથી મૈત્રી ક્યારેક થઇ ખબરેય ના પાડી. સમય જતાં વરસાદ અને એ એક સમીકરણ બની ગયા... સમીર પેલું પ્યાસા સાવનનું ગીત ગાને, 'મેઘા રે મેઘા રે, મત પરદેસ જા રે, આજ તું પ્રેમ કા સંદેશ બરસા દે' એ મારી પાસેથી ગીતો સાંભળીને પછી ધીમેથી ફોન મુકી દેતી, કશું જ ના બોલતાં... એનાં મૌનનો અર્થ મને બહુ મોડેથી ખબર પડ્યો. જયારે ખબર પડ્યો ત્યારે બંને વચ્ચે અંતર રાખી એમે પોતાનો અલગ માર્ગ ગોતી લીધેલો હતો!!

હવે ક્યારેક એ મને દેખાય છે. બહાર વરસાદ ના હોય તોય મને ફરી વરસાદ દેખાય છે! એની આંખોમાં ભરાયેલો... સુસવાટાનાં વાદળોમાંથી નીકળનારા લાગણીનાં વાદળો આંખોની બહાર છલકાવા દેતી નથી... પછી કેટલી બધી ક્ષણો નીકળી જાય છે નિઃશબ્દ... 'ચા પીશું' હું પુછું છું. ડોક હલાવી એ 'હા' પાડે છે. સામે જ આવેલી 'પૂર્ણિમા' હોટલમાં ચા પીવા જઇએ છીએ, એ કિટલી માટે જીદ કરતી નથી. એના હાથનાં સ્પર્શમાં કંપન આવતું નથી. ફરી ડબલસીટ એક્ટિવા પર હવે એ માથું ટેકવીને બેસતી નથી અને બહાર હવે ધોધમાર વરસાદેય પડતો નથી!!

એ પછી વરસાદ અને ક્યારેય સાથે આવ્યા નથી. દોષ કોને એ પણ હું સમજી શક્યો નથી. મને નક્કી હજીયે વરસાદ વધુ ગમે કે એ? ખરેખર જ કહી શકતો નથી...

ચૂંટલો :

ક્યારેક વરસતાં વરસાદમાંય એકદમ કોરા રહી જવાય અને ક્યારેક કોરા રહીનેય કોકની લાગણીમાં ભીંજાઇ જવાય. વર્ષાઋતુમાં વરસાદનાં યાદની વાછટો ખૂણેખાંચરેનાં પ્રેમને અચાનક યાદ કરાવી દે છે, રીમઝીમ... રીમઝીમ...

સવારે દૂધવાળાએ દૂધની થેલી કમાડની નીચેથી સરકારવી ત્યારે કુસુમબેન રહા બનાવવા ઊભા થયાં, તે બંને રહાં પીતાં હતા ત્યાં બારણું કોઇએ ખખડાવ્યું, બારણામાં લાગેલ નાના ગોળ કાચમાંથી કનુભાઇએ જોયું તો બે પોલીસો દેખાયા

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

આખા શહેરમાં તોફાનો ફેલાઇ ગયાં હતા. ક્યાંક આગચંપી તો ક્યાંક લૂંટ, નાના નાના છોકરાઓ પણ આમાં પાછળ ન હતા. કાલુપુર રેલ્વે સ્ટેશનથી પાંચકુવા તરફ જતો રસ્તો જેટલો સીધો છે તેટલો જ ભીડભાડ વાળો પણ રહે છે. સવાર સાંજ માણસોનાં ગ્રૂંડ રીક્ષાઓ, સાયકલો, સ્કૂટરો અને કારોની વચ્ચે ક્યાંક નાની ટ્રકો પણ ઘુસી આવે ત્યારે ટ્રાફિક જામનાં દૃશ્યો સર્જાય છે. એ વખતે પગે ચાલનાર ને રસ્તો ક્રોસ કરવો પણ ઘણો મુશ્કેલ બને છે અને ઘણી વખત તો રાહ જોવી પડે છે. ઓફીસના શરૂ થવાના અને બંધ થવાના સમયે એકાદ કલાક પહેલાં અને પછી ચાલતાં જવાર માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમાં વળી સામાન ભરીને જતા લારીવાળાઓ પણ વિઘ્ન ઊભા કરે છે. પણ આ રસ્તો આજે બીલકુલ સુનકાર લાગે છે. ક્યાંક કોઇ રીક્ષા કે ૧૦૮ એમ્બ્યુલન્સ કોઇ ઘાયલને કે બિમાર વ્યક્તિને દવાખાના તરફ લઇ જતાં જોઇ શકાય છે. લોકો કહે છે કે આવાં તોફાનો હમણાં છેલ્લા દસેક વર્ષથી જોવા મળતાં ન હતા. આશ્ચર્યની વાત તો એ છે કે આ તોફાનો પાછળ કોઇ નક્કર કારણ પણ જણાતું નથી. અને તેથી મોટા આશ્ચર્યની વાત તો એ છે કે ઔદ્યોગિક અને વેપારના વિકસતા આ નગરમાં તોફાનો બંધ થાય તે માટેનાં કોઇ પ્રયત્નો પણ થતા હોય તેવું દેખાતું નથી.

કનુભાઇના કુટુંબને અહીં આવ્યે હજુ માંડ ફાણ મહિના થયા છે. કનુભાઇનું કુટુંબ એટલે કે પોતે તેમનાં પત્ની કુસુમબેન અને એકાદ વર્ષનો નાનો દીકરો ફૃણાલ. કનુભાઇએ જે મકાન ભાડે રાખ્યું છે તેમાં એક મોડો ઓરડો છે. તે બેડરૂમ અને ડ્રોઇંગરૂમ તરીકે જરૂરિયાત મુજબ ઉપયોગમાં આવે છે. તેની બાજુમાં એક નાની ઓરડી છે જે રસોડા તરીકે અને સ્ટોર રૂમ તરીકે અને થોડીક જગામાં કોઇ મહેમાન આવે તો તેની બેસાડી શકાય તે મુખ્ય છે. બેડરૂમમાં જવાનો રસ્તો આ ઓરડીમાંથી જ થઇ પસાર થાય છે. સંડાસ બાથરૂમ બેડરૂમ સાથે એટેચ છે. અમદાવાદના આ વિસ્તારમાં કનુભાઇ પાસે તેમની હેસિયત મુજબ જે ફ્લેટ છે તે ઘણો સારો કહેવાય એવો છે. કેમ કે આ ફ્લેટનું માસિક ભાડું પંદરસો રૂપિયા છે. લાઇટ અને પાણીનો ખર્ચ અલગ. તેમાં કનુભાઇને ઇન્ડિયન ડ્રગ્સ મેનુફેક્ચરીંગ તરફથી પગાર માંડ ચાર હજાર રૂપિયા મળતો હતો. આ મોંઘવારીના જમાનામાં ખર્ચો કાઢતાં ઘરનું ગાડું ચલાવવું બહુ મુશ્કેલ હતું. તેથી કનુભાઇ છેલ્લા થોડા દિવસથી કોઇ માણસને પેઇંગ ગેસ્ટ રાખવાથી મકાનનાં ભાડામાં થોડી રાહત મળે. પણ બીજી મુશ્કેલીઓ પણ કંઇ ઓછી નથી હોતી. પેઇંગ ગેસ્ટ કોણ જાણે કેવા સ્વભાવનો હોય, ક્યાંનો હોય, તે વળી વિશ્વાસપાત્ર નીકળે કે નહીં. અને સૌથી મોટી મુસીબત તો ખુદ કુસુમબેન છે. તેની બિલકુલ ઇચ્છા નથી કે ઘરમાં કોઇ પેઇંગ ગેસ્ટ ને રાખીએ. એવું પણ નથી કે કુસુમબેનને કનુભાઇની આર્થિક મુશ્કેલીઓની ખબર નથી. અને તે ઓછી થાય તેમ ઇચ્છતાં નથી પણ આમાં તેની ઉંમર સૌથી વધુ નડતર રૂપ છે. કુસુમબેનની ઉંમર ૨૪-૨૫ વર્ષની હશે. યુવાન દંપતીના આ નાનકડા સંસારમાં કોઇ પણ પુરૂષ ઘરમાં આવીને પેઇંગ ગેસ્ટ તરીકે રહે તેનાથી અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થવાની શક્યતા છે. વળી પારકા પ્રદેશમાં કોના પણ ભરોસો કરવો. દેખાવે તો બધા ભલા ભોળા જ લાગે. પણ કોઇના મનમાં શું હોય તે કંઇ રીતે જાણી શકાય. તેથી કુસુમબેન આ વાતે કનુભાઇ ને કાયમ અટકાવતાં રહે છે.

કનુભાઇનો ફ્લેટ કાલુપુર રેલ્વે સ્ટેશનથી પાંચ કુવા રસ્તા પર માંડ સો ફૂટના અંતરે છે. ચાર માળના આ મકાનમાં કનુભાઇનો ફ્લેટ ત્રીજા માળે છે. ફ્લેટનો દરવાજો દાદરમાં ખુલે છે. દરવાજો અંદરથી બંધ કરી દેતાં ફ્લેટ બિલકુલ આત્મ કેન્દ્રીત થઇ જાય છે. બહારની અવર જવરની બિલકુલ ખબર ન પડે. મકાનના નીચેના માળે ભોંયતળીયે મકાન માલિક યુસુફનું કુટુંબ રહે છે. બાકીના ત્રણ માળ ભાડે આપેલા છે. ઉપરનાં ત્રણ માળ પૈકી કુલ નવ ફ્લેટ બાળ બચ્ચાંવાળા ભાડુતોને આપેલ છે. બાકીનાં ફ્લેટમાં ચણતર કામના મજૂરો અને કારીગરોને ભાડે આપી દીધો છે. તેમાં સમુહ રસોડું ચાલે છે અને એક ઓરડામાં આઠ દસ લોકો રહે છે. મકાનના ચોથા માળે મોટું ખુલ્લું ધાબું છે.

આ બે વખતની વાત છે જયારે કનુભાઇ કુટુંબ સાથે નવા સવા આ મકાનમાં રહેવા આવ્યા હતા. એક વખત રાતે દશ વાગ્યે લાઇટ જતી રહી. કનુભાઇ નીચે પાન ખાવા ગયા હતા. ઉનાળાનો ગરમીનો સમય હતો. કુસુમબેન રૂમમાં પરેસેવે રેબઝેબ થઇ ગયા હતાં. બફારાથી છૂટકારો મેળવવા એ થોડીવાર માટે ધાબા પર જરા આંટો મારી આવવાના ઇરાદાથી ગયાં. જયાં એ ધાબે પહોંચ્યાં તો અવાક રહી ગયા. આખા ધાબામાં પચાસથી વધુ પુરૂષો શેતરંજીઓ પાથરી સુતા હતા. તે એક પળ પણ રોકાયા વિના પાછી પોતાના રૂમમાં આવી ગયા. આવતાં જ જોરથી ફ્લેટનું બારણું બંધ કરી દીધું. એક અજ્ઞાત ભયથી એ ધ્રુજી ઉઠ્યા. એ તો સારૂં થયું કે પાંચ સાત મિનિટમાં જ કનુભાઇ ફૃણાલને તેડીને પાન ખાઇને પાછા આવી ગયા.

તોફાનો અટકવાનું નામ લેતાં ન હતા. આખી રાત સ્ટેશન વિસ્તારની સામે જૂના મહોલ્લા છે ત્યાં ચીસો અને ચિત્કારો સંભળાતા રહ્યા. કનુભાઇ અને કુસુમબેન આખી રાત ફ્લેટમાં સુવા ખાતર જાગતાં રહ્યા. સવારે દૂધવાળાએ દૂધની થેલી કમાડની નીચેથી સરકારવી ત્યારે કુસુમબેન રહા બનાવવા ઊભા થયાં. તે બંને રહાં પીતાં હતા ત્યાં બારણું કોઇએ ખખડાવ્યું. બારણામાં લાગેલ નાના ગોળ કાચમાંથી કનુભાઇએ જોયું તો બે પોલીસો દેખાયા. તેમણે દરવાજો ખોલ્યો. પોલીસો એ તેમને પુછ્યું "કરમસદવાળા કનુભાઇનો ફ્લેટ આજ કે...."

"હાં... જી... હું જ કનુભાઇ છું... બોલો શું વાત છે? ધીમેથી કનુભાઇએ કહ્યું."

"અમારે તમારી સાથે થોડી જરૂરી વાત કરવી છે." કનુભાઇએ બંનેને અંદર આવવા ઇશારો કર્યો. ઓરડામાં આવ્યા પછી પોલીસો એ જે કંઇ કનુભાઇ ને કહ્યું તે સાંભળી કનુભાઇ અને કુસુમબેનને એક ક્ષણ એમ લાગ્યું કે તેઓ બેભાન થઇ જશે. કનુભાઇનો એક નાનો ભાઇ સુરેશ હતો. તે સુરતમાં એક ફેક્ટરીમાં હમણાં હમણાંથી કામે લાગ્યો હતો. તેણે કાલે રાતે ફેક્ટરીના ક્વાટર્સમાં પંખે લટકી આત્મહત્યા કરી લીધી હતી. તેથી સુરતથી પોલીસો ધીરજભાઇને લેવા અહીં આવ્યા હતા. તેમનું સરનામું સુરેશના ક્વાટર્સમાંથી મળેલી ડાયરીમાંથી પોલીસને મળ્યું હતું. તેમણે કહ્યું કે ડેડ બોડીનું પોસ્ટમોર્ટમ કનુભાઇ સુરત આવે પછી કરાવવામાં આવશે.

(ક્રમશઃ)

સમય ઝડપથી જઇ રહ્યો હતો, જોતજોતામાં વર્ષ પૂર્ણ થવા આવ્યું હતું, દિવાળીની રજાઓનો સમય આવ્યો હતો, વળી પાછી સંચાલક અને સંસ્થાના માલિક એવા સ્વામીની ઓફીસે સૌની મીટીંગ મળી હતી

વાર્તા

- હર્ષદરાય ઉપાધ્યાય

'ખોવાયેલો પરિવાર'

"તો શું? તૈયારી કરી લીધી છે ને?"

"હા, હા અને એટલા માટે તો કાલે નીકળું છું અને પરિવાર ને ગામડે મુકી આવું છું."

"સારી વાત છે કેમ કે તમે ઘેર ન હોય તો બાપડા મા અન દીકરો શું કરે, કેમ ખરૂં ને?"

"હા, એ પણ સાચું. અને આ કાંઇ થોડી એકાદ દિવસની વાત છે પૂરા પંદર દિવસ લાગશે."

"અરે હા! સાથે આવનાર બધાંને સઘડી વાત તો કરી છે ને? બધું બરોબર સમજાવ્યું તો છે ને?"

અરે! હું ચૂકું? તમે બેફીકર રહો. નિશ્ચિંત બની જાઓ. મેં બધો બંદોબસ્ત સુપેરે કયો છે અને એમ કરૂં કે, સીધો સ્ટેશન મળીશ. સમય અને બીજું બધું મને ખ્યાલ છે. બરોબર ને?

"હા, એવું કરજો પણ મોડું ન કરતાં."

અને "હા - હા જરૂર" કહેતા રજનીભાઇ સંસ્થાની ઓફીસમાંથી નીકળ્યા હતા. પત્નિ અને દીકરાને દીવાળી રજાઓ હોઇ પોતાના મા-બાપ પાસે મુકી આવી તે સીધા રવિવારે સાંજે સ્ટેશને આવી ગયા હતા. લગભગ સૌ આવી ગયા હતા. જેમાં ખાસ તો સંસ્થાના સ્થાપક સ્વામીજી, વરૂણભાઇ કે જે સંચાલક હતા તે, અનિરૂદ્ધભાઇ અને જયોતિન્દ્રભાઇ કે જે વહીવટકર્તા હતા, હરિભાઇ બ્રહ્મચારી, બે નોકર તથા બે સંત પૂજારી એમ બધા મળી કુલ દસ જણનું ગ્રુપ ચારધામનની યાત્રાએ જઇ રહ્યા હતા. સૌનો ખર્ચ સંસ્થાને માથે હતો એટલે સૌ ખૂશ હતા. ટ્રેનમાં સૌ ધર્મ - કર્મ - મોક્ષ અને એવી એવી વાતો કરતા અને આજુબાજુનાં કુદરતી દશ્યો માણતા જઇ રહ્યા હતા. પંદર દિવસનો સમય મજાથી પસાર થયો હતો.

સૌ પ્રથમ સંસ્થામાં આવ્યા હતા. શૈક્ષણિક સંસ્થા કે જે સાવ સામાન્ય હતી તે સૌના અથાક પુરૂષાર્થના લીધે આજે શહેર અને સમગ્ર વિસ્તારમાં સૌથી મોખરે હતી. અને સૌમાં રજનીભાઇની કુશાગ્રબુદ્ધિ, કુનેહ, વહીવટીસૂઝ, વફાદારી અને નિષ્ઠા સર્વશ્રેષ્ઠ હતી. સૌને તેમના ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. નાણાકીય અને નિર્ણયાત્મક તમામ વહીવટ તેમણે ઉપાડ્યો હતો. લગભગ ચોવીસ કલાક સંસ્થાને તે સમર્પિત હતા. સંસ્થા તેમણે ક્યારે છોડવા તૈયાર ન હતી. તેમના થકી આ બધું હતું.

રજનીભાઇનાં પરિવારમાં પત્ની અને અપંગ પુત્ર હતા. ઘરડાં મા-બાપ ગામડે હતા. તેમનાં પત્ની સુલક્ષણા હતા. કશી ફરિયાદ વગર પુત્ર, ઘર, વહીવટ અને સામાજિક જવાબદારી ઉપાડતાં હતા. રજનીભાઇ અપંગપુત્ર, પત્ની, મા-બાપ પાછળ સમય પાળવી શકતા ન હતા. દીકરો વાટ જોઇ થાકી ઊંઘી જતો. પત્ની ટેબલ ઉપર ઊંઘી જતી દેવાં રોજનાં થઇ ગયાં હતા. ક્યારેક તો અઠવાડિયે દીકરો-પિતાને મળી શકતો.

સતત સંસ્થાના વિકાસ પાછળ ઘેલા બનેલાં તેઓને સંસ્થા તરફથી માન-પાન મળતું, બધે તેમની વાહ-વાહ જેવું હતું અરે! અન્ય ઉગતી સંસ્થાઓ તેમને વહીવટ માટે સારા પગારની લાલચ પણ આપતા પરંતુ રજનીભાઇને એ બધાની પડી ન હતી. જે સંસ્થાએ તેમને રોટલો અને ઓટલો આપ્યો તેને વફાદાર રહેવું એ તેમની આત્માની નૈતિક ફરજ બની ગઇ હતી.

ચારધામથી પરત ફર્યા બાદ પત્ની અને પુત્રને ગામડેથી પરત લઇ આવતા રસ્તે તેમણે સંસ્થાના, સ્વામીનાં તથા જોયેલ સ્થળોની વાતો રસપૂર્વક કર્યા કરી હતી. આ બધું સાંભળતાં દીકરાની આંખમાં પણ ફરવા જવાનાં સ્વપ્ન ડોકાતાં. વાતો સાંભળતાં તે બોલ્યો પણ હતો, "હેં પિતાજી, આપણે ક્યારેક ફરવા જઇશું ને? મારા મિત્રો પરિવાર સાથેનાં પ્રવાસની વાતો કરે છે. મારે પણ તમારી ને મમ્મીની સાથે ફરવા જવું છે? અમને લઇને જશો ને?" અને ત્યારે સાવ ભોળી પણ સમજુ તેમનાં પત્નીને પણ લગ્નનાં આટલાં વર્ષોમાં કદી ગામ બહાર જવા મળ્યું ન હોઇ અને પુત્રની વાતથી આશા બંધાતાં તે પણ બોલી હતી. "હા, દિપુના પિતાજી, મારે પણ દર્શન કરવાં જવું છે. લઇ જશો ને? અને બિચારા દિપુને આમ પણ કોણ ફરવા લઇ જાય છે? બિચારો, રમવા પણ જઇ શકતો નથી. તે ખૂબ રાજી થશે. આવતી દિવાળીમાં લઇ જશો?" બોલીને મા-દીકરો દયામણે ચહેરે રજનીભાઇને જોઇ રહ્યાં. સંસ્થા પાછળ ઘેલા તે સ્પષ્ટ કશો જવાબ ન આપી શક્યા."જોઇશું" થી વાત પડતી મુકી.

સમય ઝડપથી જઇ રહ્યો હતો. જોતજોતામાં વર્ષ પૂર્ણ થવા આવ્યું હતું. દિવાળીની રજાઓનો સમય આવ્યો હતો. વળી પા